# શબ્દને સથવારે ગુજરાતિ લિટરરરી અકૅડમિએ ઉજવ્યું ધરાણીપર્વ

-પ્રવીણ પટેલ 'શશી'

શનિવાર, મે ૧૪, ૨૦૧૧, નોર્થ બ્રુન્સવિક, **ગુજરાતિ લિટરરરી અકૅડમિ** અન્વયે ગદ્ય અને પદ્યથી કડીબદ્ધ થયેલો એક અનોખો કાર્યક્રમ શ્રી **સુનિલ નાયક**ની 'રામાડા ઈન'માં યોજાયો. **પ્રમુખ શ્રી રામ ગઢવી**એ સ્વાગત સાથે સર્વ સહયોગી અને ઉપસ્થિતોનો આભાર પણ માન્યો.

આપણા લાડિલા **આદિલ**નો જન્મ દિવસ હતો ૧૮મી મે. કાર્યક્રમના આરંભે એમનું અને એમનાં કૃતિકર્તવ્યનું સ્મરણ કરવામાં આવ્યું. 'આદિલની બે ગઝલો એમને પચાસ હજાર વર્ષથી પણ અધિક જીવંત રાખશે', આટલું કહેતામાં તો **મધુ રાય** ગળગળા થઈ ગયા ! 'પૂર્ણ આકાર પામી શક્યો નથી, ચાકડા પર કોઈ મને ભૂલી ગયું', **રોહિત પંડ્યા**એ આદિલની ગઝલનું પઠન કરતાં જણાવ્યું કે જ્યાં કવિ કે કવિતા હોય ત્યાં આદિલ હાજર જ હોય. **ડો. બળવંત જાની** એમને ગઝલ ગઢના દિલદાર રાજવી માને છે. આદિલની પરોક્ષ હાજરી સર્વએ અનુભવી. એમણે કેવળ ગઝલો જ લખી નથી, પણ એને શ્વસી પણ છે. **બિસ્મિલ મન્સુરી** હાજર રહ્યાં અને ભાવાંજલિનાં ભાગ બન્યાં, ગમ્યું.



કાર્યક્રમ સંચાલિકા હતાં મોના નાયક. આમ તો નાનાં કળાય, પરંતુ બિલકુલ કાચાં નહીં. ઊર્મિનો સાગર વહાવે, અને વળી ગાગરમાં એને સમાવવાની ક્ષમતા પણ ધરાવે. મૂળે કાવ્ય રસિકા, એટલે મહેમાન વક્તા ત્રિપુટિનો પરિચય પણ એમણે રસિક બનાવી દીધો. કાર્યક્રમના દોર દરમ્યાન એમણે કાવ્ય અને ગઝલની પંક્તિઓ પણ સરકાવી. કાર્યક્રમના બે તબક્કા રહ્યા.

પ્રથમ તબક્કાના વક્તા હતા ગુજરાતી ડાયસપેરાના અભ્યાસી અને સંશોધક **ડો. શ્રી બળંવત જાની**. તેઓશ્રી એક લેખક અને વિવેચક છે. લોક સાહિત્ય, સંત સાહિત્ય અને મધ્યકાલિન સાહિત્યમાં એમણે ઘણું સંશોધન કાર્ય કર્યું છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તેઓ ભૂતપૂર્વ ઉપકુલપતિ હતા અને હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના ગુજરાતી ભાષા વિભાગના ડીન અને **ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ફોર ડાયસપોરા સ્ટડી**ના માનદ નિમાયક છે. **ડો. કૃષ્ણલાલ શ્રીધરાણી**ના જીવન અને કવન વિષે એમણે સ-રસ વાર્તાલાપ આપ્યો. શ્રીધરાણીનું આ જન્મ શતાબ્દી વર્ષ છે. અમેરિકામાં ગુજરાતી ડાયસ્પોરાના એ પ્રથમ શશક્ત લેખક હતા. અમેરિકામાં રહીને વિશ્વમાં એ મોટા ગજાના પત્રકાર તરીકે જાણીતા બનેલા. નાના ગામમાં જનમ્યા. ગ્રામ દક્ષિણામૂર્તિ અને વિદ્યાપીઠમાં ભણ્યા. ગાંધીજીથી એ અભિભૂત થયેલા, ૧૮ વર્ષે તો દાંડી કૂચમાં પણ શામેલ ! જેલમાં જવું પડ્યું, ત્યાં 'વડલો નાટક' અને ઇન્સાન મિટા દુંગા' નવલકથા લખી. ૨૨ વર્ષની ઉંમર, જેલમાંથી છુટ્યા બાદ એ શાંતિનિકતેનમાં ભણવા ગયા. 'વિદ્યાર્થી સમાન, પણ મિત્ર છે', આ ટાગોરના ૨૨ વર્ષની ઉંમરના છોકરા માટેના શબ્દો છે. એમના કહેવાથી ભાવનગરના રાજાએ એમણે અમેરિકા ભણવા મોલ્યા..

૧૩ સપ્ટેમ્બર, ૧૯૩૪, એ અમેરિકામાં એમનો પ્રવેશ દિવસ. કોલંબિયામાં ભણતા ત્યારે એ ન્યુ યોર્ક ટાઇમ્સમાં લખતા. ક્રોનિકલ ઉપરાંત છ જગાએ એમની કોલમો આવતી. 'વૉર વિધાઉટ વાયોલન્સ', એમનો પી.એચડીનો વિષય રહ્યો. ભણ્યા બાદ પત્રકારત્વ તો ખરું, સાથે અનેક જગાએ પ્રવચનો આપવા પણ એ જતા. સમરસેટ મોમ, રોબર્ટ ફ્રોસ્ટ આદિ સાથે હૃદયનો સંવાદ થતો. રોબર્ટ ફ્રોસ્ટનું એક કાવ્ય તો એમણે નહેરૂને પહોંચાડ્યું હતું ! સત્યાગ્રહનું પદ્ધતિશાસ્ત્ર એમણે સમજાવ્યું. ગાંધીજીના પ્રમોટર તરીકે એ જાણીતા બનેલા. 'My India-My America, Longing & Belonging', એમના પુસ્તકની તો ૧૭ આવૃત્તિઓ પ્રગટ થઇ ! અમેરિકામાં તેઓ ૧૨ વર્ષ રહ્યા. બ. ક ઠાકોર લખે છે કે જો એ અમેરિકા ના ગયા હોત તો મોટા ગજાના ગુજરાતના કવિ બન્યા હોત ! સેનેટ સભ્યો અને રૂઝવેલ્ટ સાથે ચર્ચા કરી એમણે ભારતીય નાગરિકોને અમેરિકામાં વસવા માટેનો અધિકાર મેળવ્યો, પરંતુ પોતે તો અમેરિકાન નાગરિત્વનો અસ્વીકાર જ કરેલો ! ૧૯૪૬માં તે ભારત પાછા ગયા, ગૃહખાતામાં એમની નિમણુક થઇ. 'અમૃતૃબજાર પત્રિકા'માંની એમની 'INSIDE DELHI' કોલમ ૧૯૬૦ સુધી જારી રહી, જેણે રાજનેતા તથા રાજ્યાધિકારીઓ માટે માર્ગદર્શિકાની ગરજ સારી. સારા કવિ, ઉત્તમ લેખક અને સક્ષમ પત્રકાર, એવા શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની યશગાથા થકી આપણું મસ્તક ગૌરવથી ઊંચુ થઇ જ જાય !

બીજો દોર કાવ્ય અને ગઝલનો રહ્યો. મોના નાયકના ગુરુ **વિવેક ટેલર** અને એમના ગુરુ **રઈશ મણિઆર**. વિવેકભાઇ અને રઇશભાઇ વ્યવસાયે તબિબો, પરંતુ શ્રી સાથે સરસ્વતી પણ એમને ફળી. રઈશભાઈએ હળવી રીતે ગંભીર બનેલો માહોલ હઝલ પેશકશથી પલટી નાંખ્યો. એમણે ગઝલો પણ રજૂ કરી. એમનાં અનેક કાવ્ય અને ગઝલ સંગ્રહો પ્રકાશિત થયા છે, જે જાણ માટે. ચાલો એમની ગઝલ મસ્તી માણીએ-

સુરતનો છું હું વતની એટલે આળ લાગે છે,
શુભેચ્છાઓ પાઠવું છું તો સર્વને ગાળ લાગે છે!

૦૦૦

ભલે અલ્પ તોય વધારે લખ્યું છે, લખ્યું તે બધું રક્તધારે લખ્યું છે,
લખાણે લખાણે પ્રહાર થયા છે, અમે પ્રહારે પ્રહારે લખ્યું છે.
આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું, રેત પર જેમ પાગલ સમીરે લખ્યું.
આપણે ક્યાં કદી લખ્યું છે 'રઈશ' ? એક મીરાએ લખ્યું એક કબીરે લખ્યું.

વિવેલ ટેલરનાં 'ગરમાળો' કાવ્ય સંગ્રહ, 'એમનાં શબ્દો છે શ્વાસ મારા' ગઝલસંગ્રહ, 'અને 'અડધી રમત' ઑડિયો સીડી પ્રગટ થયાં છે. તાજગીસભર એમની શૈલી, મજા આવી જ જાય.

પ્રેમભીનાં ગુલાબ મોકલું છું, જાગરણનાં જવાબ મોકલું છું.
પાંપણો સહેજ પણ ખૂલી ના શકે, એવાં ગમતીલાં ખ્વાબ મોકલું છું.

ત્રણ કલાકનો રંગરસી સમય આંખનાં પલકારામાં સરી ગયો, સર્વ રસતરબોળ થઈ ગયા હતાં, અને આ જ તો કાર્યક્રમ સફળ બન્યાની ફળશ્રુતિ.